INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી                                        તા. ૦૩-૦૭-૨૦૨૬

- **રેલ્વે હવે જનતાની નહીં, મોદી સરકારની વી.આઈ.પી. નીતિની શિકાર બની ગઈ છે.**
- **મોંઘા ભાડા, ઘટતી સુવિધાઓ અને વધતા અકસ્માતો વચ્ચે સામાન્ય મુસાફરોની સુરક્ષા અને સુવિધા જોખમમાં :ડૉ.મનિષ દોશી**
- **રેલવેનું આધુનિકીકરણ નહીં, રેલવેનું વર્ગીકરણ થયું છે.ગરીબોની જીવનરેખા ગણાતી રેલવે આજે સામાન્ય મુસાફર માટે મોંઘી અને મુશ્કેલ બની ગઈ છે. :ડૉ.મનિષ દોશી**
- **કોરોના બાદ વરિષ્ઠ નાગરિકોને મળતી ભાડા રાહત હજુ સુધી પુનઃસ્થાપિત કરવામાં આવી નથી.વૃદ્ધ મુસાફરો પર સીધી આર્થિક અસર :ડૉ.મનિષ દોશી**
- **"આધુનિકીકરણ" અને "વર્લ્ડ ક્લાસ સુવિધાઓ"ના મોટા દાવાઓ પરંતુ હકિકતમાં દેશનો ગરીબ અને મધ્યમવર્ગીય મુસાફર પોતાની જ રેલ્વે વ્યવસ્થામાં બીજા દરજ્જાનો નાગરિક બની ગયો છે. :ડૉ.મનિષ દોશી**

મોંઘા ભાડા, ઘટતી સુવિધાઓ અને વધતા અકસ્માતો વચ્ચે સામાન્ય મુસાફરોની સુરક્ષા અને સુવિધા જોખમમાં ત્યારે ભારતીય રેલ્વે હવે જનતાની નહીં, મોદી સરકારની વી.આઈ.પી. નીતિની શિકાર બની ગઈ છે તેવો સ્પષ્ટ આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભારતીય રેલ્વે એક સમયે દેશના ગરીબ, મધ્યમવર્ગ, ખેડૂતો, વિદ્યાર્થીઓ, મજૂરો અને સામાન્ય મુસાફરો માટે જીવનરેખા સમાન હતી. દેશના વિકાસ અને સામાજિક સમાનતાનું સૌથી મોટું પ્રતિક ગણાતી રેલ્વે આજે મોદી સરકારની ખોટી પ્રાથમિકતાઓ અને જનવિરોધી નીતિઓના કારણે ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. સામાન્ય મુસાફરો પર ભાડાનો વધતો બોજ ૨૦૧૪ પછી વિવિધ તબક્કે મુસાફરી ભાડાં, રિઝર્વેશન ચાર્જ, સુપરફાસ્ટ ચાર્જ, પ્લેટફોર્મ ટિકિટ અને કેન્સલેશન ફીમાં વધારો થયો. જનરલ અને પેસેન્જર ટ્રેનોમાં ઘટાડો,સામાન્ય મુસાફરો માટે કોચ વધારવાને બદલે અનેક પેસેન્જર ટ્રેનોને એક્સપ્રેસમાં પ્રીમિયમ ટ્રેનોમાં રૂપાંતરિત કરવામાં આવી જેના લીધે ભાડું વધ્યું. ગામડાં અને નાના શહેરોના મુસાફરોને સીધી અસર પહોંચી. કરોડો લોકો જનરલ કોચમાં મુસાફરી કરે છે.જનરલ કોચમાં ભીડમાં સતત વધારો, મોંઘી ટિકિટો, કેટલીક ટ્રેનોમાં એરલાઇન મોડલ મુજબ ભાડાં વધે છે. તહેવારો અને રજાઓ દરમિયાન સામાન્ય મુસાફરો માટે ટિકિટ અતિશય મોંઘી બને છે.તત્કાલ અને રિઝર્વેશન ચાર્જમાં વધારો,ટિકિટ ઉપરાંત વિવિધ ચાર્જનો બોજ વધ્યો.મુસાફરોને મૂળ ભાડા કરતાં વધારાના ખર્ચ વધુ ચૂકવવા પડે છે. રેલવે સ્ટેશનોના ખાનગીકરણ અને વ્યાપારીકરણનો વધારો મુસાફરોની સુવિધા કરતાં કોમર્શિયલ ડેવલપમેન્ટને પ્રાથમિકતા, સ્ટેશન પર ખાણીપીણી અને અન્ય સેવાઓ મોંઘી બનતી ગઈ. કોરોના બાદ વરિષ્ઠ નાગરિકોને મળતી ભાડા રાહત હજુ સુધી પુનઃસ્થાપિત કરવામાં આવી નથી.વૃદ્ધ મુસાફરો પર સીધી આર્થિક અસર પડી છે.

વર્ષ ૨૦૧૫ પછી કેન્દ્રની ભાજપ સરકારે રેલ્વે ભાડાં, આરક્ષણ શુલ્ક, પ્લેટફોર્મ ટિકિટ, રદબાતલ ફી અને વિવિધ સેવા શુલ્કોમાં સતત વધારો કર્યો છે. "આધુનિકીકરણ" અને "વર્લ્ડ ક્લાસ સુવિધાઓ"ના મોટા દાવાઓ કરવામાં આવ્યા, પરંતુ હકીકતમાં સામાન્ય મુસાફરોને વધુ પૈસા ચૂકવીને પણ ભીડ, અસુવિધા અને અસુરક્ષાનો સામનો કરવો પડી રહ્યો છે.સૌથી ચિંતાજનક બાબત એ છે કે સામાન્ય મુસાફરો માટેની પેસેન્જર ટ્રેનો અને જનરલ ક્લાસ કોચોની સંખ્યા ઘટાડવામાં આવી છે, જ્યારે કરોડો રૂપિયાના ખર્ચે પ્રીમિયમ ટ્રેનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. "આધુનિકીકરણ" અને "વર્લ્ડ ક્લાસ સુવિધાઓ"ના મોટા દાવાઓ પરંતુ હકિકતમાં દેશનો ગરીબ અને મધ્યમવર્ગીય મુસાફર પોતાની જ રેલ્વે વ્યવસ્થામાં બીજા દરજ્જાનો નાગરિક બની ગયો છે.

ભાજપ સરકાર વારંવાર "સુરક્ષિત રેલ્વે"ના દાવા કરે છે, પરંતુ હકીકત ચોંકાવનારી છે. રેલ્વે મંત્રાલયના સત્તાવાર આંકડા મુજબ છેલ્લા દસ વર્ષમાં (૨૦૨૩-૨૪ સુધી) દેશમાં ૬૭૮ ટ્રેન અકસ્માતો નોંધાયા છે, જેમાં ૭૪૮ લોકોએ જીવ ગુમાવ્યા છે.જૂન ૨૦૨૩માં ઓડિશાના બાલાસોર ખાતે થયેલી ભયાનક ટ્રિપલ ટ્રેન દુર્ઘટનામાં ૨૯૬ નિર્દોષ મુસાફરોના મોત થયા હતા. આ દુર્ઘટનાએ રેલ્વે સુરક્ષા વ્યવસ્થાની ગંભીર ખામીઓને સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર કરી હતી. નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના આંકડા દર્શાવે છે કે દર વર્ષે હજારો લોકો ટ્રેક પર અનધિકૃત પ્રવેશ, ભીડભરી ટ્રેનોમાંથી પડી જવા અને લેવલ ક્રોસિંગ અકસ્માતોના કારણે જીવ ગુમાવે છે. છતાં સુરક્ષા સુધારવા માટેની વ્યવસ્થાઓ હજુ પણ અપૂરતી છે. દુર્ભાગ્યપૂર્ણ રીતે ભાજપ સરકાર માટે સામાન્ય મુસાફરોની સુરક્ષા કરતાં ફોટોશૂટ, ઇવેન્ટ મેનેજમેન્ટ અને VIP ટ્રેનોનું બ્રાન્ડિંગ વધુ મહત્વનું બની ગયું છે. દેશની રેલ્વેને "જનતાની સેવા"માંથી "પ્રદર્શનની વસ્તુ"માં ફેરવી દેવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગણી કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫ પછી રેલ્વે ભાડાં અને વિવિધ સેવા શુલ્કોમાં કરાયેલા વધારાની તાત્કાલિક સમીક્ષા કરીને સામાન્ય મુસાફરોને રાહત આપવામાં આવે. સામાન્ય પેસેન્જર ટ્રેનો અને જનરલ ક્લાસ કોચોની સંખ્યા તાત્કાલિક વધારવામાં આવે. રેલ્વે અકસ્માતોની સ્વતંત્ર અને પારદર્શક તપાસ કરીને જવાબદારી નક્કી કરવામાં આવે. રેલ્વે સુરક્ષા માટેના પ્રોજેક્ટ્સ, ટ્રેક સુધારણા, આધુનિક સિગ્નલિંગ અને લેવલ ક્રોસિંગ સુરક્ષા માટે વિશેષ ભંડોળ ફાળવવામાં આવે. વી.આઈ.પી. અને લક્ઝરી પ્રોજેક્ટ્સને બદલે સામાન્ય નાગરિકો માટે સસ્તી, સુરક્ષિત અને વિશ્વસનીય રેલ્વે સેવા પ્રાથમિકતા બને.

કોંગ્રેસ પક્ષ સ્પષ્ટપણે માને છે કે રેલ્વે કોઈ કોર્પોરેટ કે અમીર વર્ગની મિલકત નથી; તે દેશના કરોડો સામાન્ય નાગરિકોની જીવનરેખા છે. ભાજપ સરકારે ગરીબ, મધ્યમવર્ગ અને સામાન્ય મુસાફરોના હિતોને અવગણીને રેલ્વેની આત્માને નુકસાન પહોંચાડ્યું છે. કોંગ્રેસ પક્ષ દેશના દરેક મુસાફર સાથે મજબૂતપણે ઉભી છે અને સસ્તી, સુરક્ષિત, સુલભ અને જનકેન્દ્રિત રેલ્વે વ્યવસ્થા માટે સંઘર્ષ ચાલુ રાખશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા